**ફો.કેસ નં. :– ૫૩૦/૨૦૧૩**
**આંક નું સાંધણ**

**સોગંદ આપ્યા.....**

**આરોપીઓ તર્ફે ઉલટતપાસ વિ.વ.શ્રી વાય.એન.મહેતા**

હું હળવદ મામલતદાર ઓફીસમાં તારીખ ૧/૮/૨૦૦૩ થી તારીખ ૧/૭/૨૦૦૮ સુધી નાયબ મામલતદાર રેવન્યુ તરીકે ફરજ બજાવતો હતો. એ વાત ખરી છે કે, સને ૨૦૦૩ની સાલમાં મેન્યુઅલી રેકર્ડ નિભાવવામાં આવતું હતું. એ વાત ખરી છે કે, તે સમયે કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ અમલમાં ન હતું. એ વાત ખરી નથી કે, હું રેવન્યુ નાયબ મામલતદાર હોય આ તમામ મેન્યુઅલ રેકર્ડ મારી કસ્ટડીમાં રહેતું હતું. એ વાત ખરી છે કે, મેન્યુઅલી રેકર્ડ મારી પાસે મારી કસ્ટડીમાં કયારેય આવેલ નથી. હળવદ મામલતદાર કચેરીનું રેવન્યુ રેકર્ડ તલાટી કમ મંત્રી પાસેથી ઈ–ધરા નાયબ મામલતદાર પાસે આવેલું હોઈ શકે. એ વાત ખરી છે કે, આ મેન્યુઅલી રેકર્ડની અંદર કઈ વ્યકતીએ ચેકચાક કરેલી તે હું કહી શકુ નહી. એ વાત ખરી છે કે, મેં મારી ફરજ દરમ્યાન મામલતદાર કચેરીના રેવન્યુ રેકર્ડમાં તલાટી કમ મંત્રી, ઈ–ધરા ઓપરેટર કે ઈ–ધરા નાયબ મામલતદાર કે કોઈપણ વ્યકતીને રેકર્ડમાં ચેકચાક કરતા મારી નજરે જોયેલા નથી. એ વાત ખરી છે કે, સર્વે નંબર ૩૧૯, ૩૩૯/પૈકીર તથા ૧૧૧૫ સરકારશ્રીના ખાતે ચાલતા હતા. ડુબમાં ગયેલા સર્વે નંબરો કોઈ વ્યકતીના હોઈ પણ ખરા અને ન પણ હોય. મેં મારી પાસે હાલના સર્વે નંબરોની તપાસ આવેલ તે સમયે આ સર્વે નંબરોના મુળ માલીક કોણ હતા તે અંગે કોઈ તપાસ કરેલી નથી. હું આ ડુબમાં ગયેલ સર્વે નંબરો શ્રી સરકાર ખાતે કઈ રીતે ગયેલા તે કહી શકુ નહી. એ વાત ખરી નથી કે, કોઈપણ અરજદાર નોંધ પાડવા માટે અરજી આપે તો તે નોંધ સૌપ્રથમ મારી પાસે ત્યારબાદ સર્કલ ઓફીસર પાસે અને ત્યારબાદ મામલતદારશ્રી પાસે જાય અને ત્યારબાદ તે નોંધ પ્રમાણીત થાય. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, અરજદારે નોંધ પાડવાની અરજી ઈ–ધરા નાયબ મામલતદારને આપવાની હોય છે. એ વાત ખરી છે કે, કોઈપણ નોંધ મંજુર કે નામંજુર કરવાના પાવર ઈ–ધરા મામલતદારશ્રીને આપેલ નથી. મારા ધ્યાન પર એવી કોઈ હકીકત આવેલ નથી કે, મારી ફરજ દરમ્યાન ઈ–ધરા નાયબ મામલતદાર કોઈ નોંધ મંજુર કે ના–મંજુર કરેલ હોય. એ વાત ખરી છે કે, ઈ–ધરા ઓપરેટરે ઈ–ધરા નાયબ મામલતદારે સોંપેલ એન્ટ્રી અંગેની કામગીરી સિવાય અન્ય કોઈ કામગીરી કરવાની હોતી નથી. મામલતદાર કે તલાટી કચેરીમાં મેન્યુઅલી રેકર્ડમાં નીભાવવામાં આવે છે તેમાં છેકછાક કયા વર્ષમાં થયેલ તે હું કહી શકુ નહી.

સવાલ:– તમારી તપાસ દરમ્યાન મેન્યુઅલી રેકર્ડ સિવાય અન્ય કોઈ જગ્યાએ ફેરફાર કે છેકછાક કરેલાનું નીકળેલ નહી ?

જવાબ:– ઈ–ધરામાં પણ ફેરફાર કે છેકછાક થઈ શકે છે, સર્વે નંબર ૩૧૯ તથા ૩૩૯/પૈકી ૨ માં મેન્યુઅલી છેકછાક થયેલી છે તથા સર્વે નંબર ૧૧૧૫ જે શ્રીસરકાર ડુબ જમીન તરીકે ખાતુ ચાલતુ હતુ તેમાં ઈ–ધરામાં સુધારા થઈ પટેલ ગણેશભાઈ દેવજીભાઈના નામે ૭/૧૨ જનરેટ થયેલ.

આ સુધારા કરતા કે જનરેટ કરતા કોઈ વ્યકતીને મેં મારી નજર સમક્ષ જોયેલ નથી. એવું મારા ધ્યાન પર નથી કે, કોઈ વ્યકતીની એવી અરજી પણ આવેલ નથી કે સુધારા કે જનરેટ થયેલ થયેલ છે.

સવાલ:– જે કાંઈ મેન્યુઅલી રેકર્ડ હોય એ રેકર્ડ જ કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ બનાવતી વખતે અક્ષરસહ કોમ્પ્યુટરમાં ફીટ કરવામાં આવે ?

જવાબ:– કોમ્પ્યુટર ઓપરેટર ભુલ કરે તો અક્ષરસહ એન્ટ્રી ન થાય અન્યથા અક્ષરસહ એન્ટ્રી

થાય.
એ વાત ખરી છે કે, કોમ્પ્યુટરાઈઝ અક્ષરસહ રેકર્ડ જનરેટ થયા પછી ડેપ્યુટી કલેકટરશ્રી અને મામલતદાર ચકાસણી કરે છે.
સવાલઃ– આ કોમ્પ્યુટર રેકર્ડ કઈ સાલથી અને કઈ તારીખથી કોમ્પ્યુટરાઈઝ કરવામાં આવેલું તે તમે કહી શકો ?
જવાબઃ– તારીખ ૧/૪/૨૦૦૫થી કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ એન્ટ્રી અમલમાં આવેલ છે.
આ રેકર્ડ ફીટ થયેલ ત્યારબાદ આ રેકર્ડ ખોટી રીતે ફીટ થયેલ છે કે તેની અંદર ઓપરેટરે ટાઈપ કરવામાં ભુલ કરેલ છે તે અંગેની કોઈ માહીતી ડેપ્યુટી કલેકટરશ્રી કે મામલતદાર સાહેબ દ્રારા આપવામાં આવેલ નહી.
સવાલઃ– કોઈપણ અરજદાર એન્ટ્રી પાડવા માટે ઈ–ધરા કચેરીની બારીમાંથી તેની નોંધ પાડવા માટે અરજી આપે તે કચેરીની અંદર ન જઈ શકે ?
જવાબઃ– પ્રથા તો એવી જ છે.
સવાલઃ– તમારી ફરજ દરમ્યાન કોઈપણ અરજદાર ઈ–ધરા કેન્દ્રમાં એન્ટ્રી પડાવવા માટે કચેરીમાં ગયા હોય તેવું બનેલાનું તમે જોયેલું ?
જવાબઃ– ઈ–ધરા કેન્દ્રમાં ગયા હોય પરંતુ એન્ટ્રી પડાવવા માટે જ ગયા હોય કે કેમ તે કહી શકાય નહી.
એ વાત ખરી નથી કે, જયારે કોમ્પ્યુટરાઈઝ રેકર્ડ બનાવવાનું નકકી થયેલ ત્યારે તમામ તલાટીઓ પાસેથી તમામ મેન્યુઅલી રેકર્ડ મામલતદાર સાહેબશ્રીએ તેઓની કસ્ટડીમાં લઈ લીધેલા. મેન્યુઅલી રેકર્ડ તલાટી પાસેથી મામલતદારશ્રી કે ડેપ્યુટી કલેકટરશ્રીએ કયારે લઈ લીધેલા તે હું કહી શકુ નહી. હું જયારે હળવદ મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર રેવન્યુ તરીકે ફરજ બજાવતો હતો ત્યારે આ તમામ રેકર્ડ તલાટી પાસે તેમની કસ્ટડીમાં હતા. જયારે હાલનો કેસવાળો બનાવ બન્યો તે સમયે ફરજ પર તલાટી કમ મંત્રી તરીકે વી.ટી.દવે અને ડી.વી.શેઠ હતા. મને એ વાતની જાણકારી નથી કે, આ બંને તલાટી કમ મંત્રી પાસે રેકર્ડ સંયુકત રહેતું હતુ કે અલગ અલગ રહેતું હતું. એ વાત ખરી છે કે, મેન્યુઅલી રેકર્ડ હતું તે સમયગાળા દરમ્યાન તલાટીશ્રીઓ દ્રારા ગામ નમુના નં. ૬, ૭/૧૨ અને ૮–અ મેન્યુઅલી બનાવવામાં આવતા હતા.
સવાલઃ– આ ગામ નમુના નં ૬, ૭/૧૨ અને ૮–અ માં કોઈ છેકછાક કે ફેરફાર થયેલાનું તમારા ધ્યાન પર આવેલું ?
જવાબઃ– મારી પાસે નોંધ જયારે નિર્ણય કરવા માટે આવેલી ત્યારે મેં ઉત્તરોતર રેકર્ડ ચકાસણી કરતા ગામ નમુના નંબર ૬ની મેન્યુઅલી નોંધમાં છેકછાક થયેલાનું પ્રથમદર્શનીય માલુમ પડેલ. તારીખ ૧૬/૨/૨૦૦૮નાં રોજ મારી પાસે નોંધ નીર્ણય કરવા માટે આવેલી.
સવાલઃ– તારીખ ૧૬/૨/૨૦૦૮નાં રોજ તમારી પાસે નોંધ નીર્ણય કરવા માટે આવેલી અને તમારા ધ્યાન પર પ્રથમદર્શનીય છેકછાક થયેલાનું માલુમ પડેલ ત્યારે તમોએ ડેપ્યુટી કલેકટરશ્રીને કે કલેકટરશ્રીને કે મામલતદારશ્રીને આ બાબતે લેખીતમાં જાણ કરેલી ?
જવાબઃ– આ બાબતે મેં કોઈ લેખીતમાં જાણ કરેલી નથી પરંતુ જે સમયે તારીખ ૧૬/૨/૨૦૦૮નાં રોજ મારી પાસે નોંધ નીર્ણય કરવા માટે આવેલી અને મારા ધ્યાન પર પ્રથમદર્શનીય છેકછાક થયેલાનું માલુમ પડેલ ત્યારે પ્રાંત અધીકારી એટલે કે ડેપ્યુટી કલેકટર અમારી કચેરીમાં હાજર હતા અને તેમને મૌખીકમાં આ અંગે મેં જાણ કરેલી.
મને આ અંગે ફરીયાદ કરવા તેઓશ્રીએ કોઈ સુચના આપેલ નથી. મેં જાણ કરી તે જ દીવસે કોઈ પોલીસ ફરીયાદ કરેલી હોય કે કોઈ પગલા લીધેલ હોય તેવું મારા ધ્યાન પર નથી.
સવાલઃ– આપ સાહેબે પોલીસને આપનો જવાબ લેખીતમાં લખીને આપ્યો હોય તેવું બન્યુ છે ?
જવાબઃ– તેવું બનેલ નથી પરંતુ પોલીસે મારુ નીવેદન લીધેલ છે.
હું બોલતો જતો હોય અને પોલીસ ટાઈપ કરતી જતી હોય તેવું બનેલ નથી. મેં હળવદ પોલીસ સ્ટેશનમાં તા. ૧૯/૪/૨૦૦૮નાં રોજ નીવેદન લીધેલ છે પરંતુ તેનો ચોકકસ સમય

અત્યારે યાદ નથી. મારુ નીવેદન પી.એસ.આઈ. વોરા સાહેબે તથા સી.આઈ.ડી. ક્રાઈમના પણ સાહેબ હતા, જેનું નામ મને અત્યારે યાદ નથી તેઓએ લીધેલું. એ વાત ખરી છે કે, વેચાણ રાખનાર ખેડુતોએ આ રેકર્ડમાં છેકછાક કરેલ નથી. એ વાત ખરી નથી કે, મારુ કોઈ નીવેદન આ કામમાં પોલીસે નોંધેલ નથી. એ વાત ખરી નથી કે, બનાવ અંગે મને કોઈ જાતમાહીતી નથી. એ વાત ખરી નથી કે, આ કામના ફરીયાદી મારા ઉપલા અધીકારી હોય તેમના સમર્થનમાં ખોટી જુબાની આપુ છું. એ વાત ખરી નથી કે, મારી ફરજ દરમ્યાન કોઈપણ કર્મચારીએ કોમ્પ્યુટરાઈઝ છેકછાક કરેલાનું મારા ધ્યાન પર આવેલ નથી. એ વાત ખરી નથી કે, આ કોમ્પ્યુટરાઈઝ છેકછાક કરેલ છે તે સને ૨૦૦૨ની સાલમાં કરવામાં આવેલ છે.

**ફેરતપાસ નથી.**

સ્થળ:- હળવદ.
તારીખ:- ૫/૮/૨૦૨૫
સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ